# ICE® MAGIC

## CURRENT AFFAIRS



ગોવાના મુખ્યમંત્રી
શ્રી મનોહર પારિકરનું નિધન



ભારતના પ્રથમ લોકપાલ તરીકે
શ્રી પિનાકી ચંદ્ર ઘોષની નિમણૂક



વ્યાસ સમ્માન 2018

SPECIAL OLYMPICS
WORLD GAMES
ABU DHABI 20

સ્પેશિયલ ઓલિમ્પિક 2019



ગોવાના 13મા મુખ્યમંત્રી તરીકે
શ્રી પ્રમોદ સાવંતના શપથ


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


[MAR-2019]
[17/03 to 23/03]

# WEEK-12

**CURRENT**

- BEE દ્વારા રાષ્ટ્રીય રણનીતિ દસ્તાવેજ UNNATEE તૈયાર કરવામાં આવ્યો
- RBI દ્વારા IDBIને ખાનગી બેંક જાહેર કરવામાં આવી
- સમ્પ્રીતિ સૈન્ય અભ્યાસ 2019
- વર્ષ 2020નો અંડર–17 વિમેન્સ ફૂટબોલ વર્લ્ડ કપ ભારતમાં યોજાશે
- SBI દ્વારા YONO CASHની સુવિધા લોન્ચ
- UNEAના ચોથા સત્રમાં ભારતે બે પ્રસ્તાવ રજૂ કર્યા

**17 MARCH, 2019 SUNDAY**

## ➤ વર્ષ 2020નો અંડર-17 વિમેન્સ ફૂટબોલ વર્લ્ડકપ ભારતમાં યોજાશે



તાજેતરમાં ફીફા દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર વર્ષ **2020નો અંડર-17 વિમેન્સ ફૂટબોલ વર્લ્ડકપ ભારતમાં** યોજાશે.

- ભારતે ફ્રાન્સને હરાવીને આ યજમાની મેળવી છે.
- વર્ષ 2020નો અંડર-17 વિમેન્સ ફૂટબોલ વર્લ્ડકપ પોતાના દેશમાં યોજાય એ માટે ભારત અને ફ્રાન્સ વચ્ચે તીવ્ર સ્પર્ધા હતી.

**નોંધ :** (1) અંડર-17 વિમેન્સ ફૂટબોલ વર્લ્ડકપનો પ્રારંભ વર્ષ 2008થી થયો હતો.
(2) આ વર્લ્ડકપ દર બે વર્ષે યોજાય છે.
(3) FIFAનું પૂરું નામ 'Federation International de Football Association' છે.

## ➤ ભારતે ચીન સમર્થિત ત્રાસવાદી જૂથની 10 ત્રાસવાદી છાવણીનો સફાયો કર્યો

તાજેતરમાં **ભારતીય સૈન્ય** દ્વારા **મ્યાનમારની સેના** સાથે સંયુક્ત કાર્યવાહી કરીને **ચીન** સમર્થિત **અરાકાન** નામના **ત્રાસવાદી જૂથ**ની 10 છાવણીઓ ઉડાવી દીધી છે.

- દસ દિવસ સુધી ચાલેલા આ સઘન અભિયાનમાં મ્યાનમારની સરહદમાં ઘૂસીને આ છાવણીઓનો સફાયો કરવામાં આવ્યો છે.

## ➤ UNEAના ચોથા સત્રમાં ભારતે પ્રથમ વખત પર્યાવરણ સંબંધિત બે પ્રસ્તાવ રજૂ કર્યા

તાજેતરમાં 11થી 15 માર્ચ, 2019 દરમિયાન **કેન્યા**ની રાજધાની **નૈરોબી**માં **United Nations Environment Assembly - UNEA (સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ સભા)**ના **ચોથા સત્ર**નું આયોજન થયું હતું.

- UNEAના આ સત્રમાં **ભારતે** સૌપ્રથમ વખત **પર્યાવરણ** સંબંધિત **બે પ્રસ્તાવો** રજૂ કર્યા હતા.
- આ બે પ્રસ્તાવોમાં **(1) સિંગલ યુઝ પ્લાસ્ટિક** અને **(2) સસ્ટેઈનેબલ નાઈટ્રોજન મેનેજમેન્ટ** સંબંધિત પ્રસ્તાવોનો સમાવેશ થાય છે.
- UNEA દ્વારા સર્વસંમતિથી ભારતના આ બંને પ્રસ્તાવોને સ્વીકારવામાં આવ્યા છે.
- વિશ્વમાં નાઈટ્રોજનને કારણે થતા પ્રદૂષણને અને પ્લાસ્ટિકને કારણે થતા પર્યાવરણના નુકશાનને અટકાવવા માટે ભારત દ્વારા આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યા હતા.

### UNEA-4ની થીમ

યુનાઈટેડ નેશન્સ એનવાયર્નમેન્ટ એસેમ્બલીની આ વર્ષની થીમ **'Innovative Solutions for Environmental Challenges and Sustainable Production and Consumption'** હતી.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➢ Festival of Innovation and Entrepreneurship (FINE) 2019

તાજેતરમાં ગુજરાતના <u>ગાંધીનગર</u> ખાતે <u>ફેસ્ટિવલ ઓફ ઈનોવેશન એન્ડ એન્ટરપ્રીન્યોરશિપ 2019</u>નું આયોજન થયું હતું.

- 15 માર્ચ, 2019ના રોજ ભારતના રાષ્ટ્રપતિ <u>શ્રી રામનાથ કોવિંદે</u> આ ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

### FINE શું છે ?

FINE એ ભારતના <u>રાષ્ટ્રપતિ ભવન</u> દ્વારા શરૂ કરવામાં આવેલી એક પહેલ છે.

- ભારત સરકારના <u>વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ</u> તથા <u>નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન-ઈન્ડિયા</u>ના સહયોગથી તેનું આયોજન કરવામાં આવે છે.
- સુખી, સમૃદ્ધ અને સુરક્ષિત ભારતના નિર્માણ માટે ઈનોવેશન અને એન્ટરપ્રીન્યોરશિપનો શ્રેષ્ઠ ઉપયોગ થઈ શકે એ માટે આ પહેલ શરૂ કરવામાં આવી છે.



## ➤ સમ્પ્રીતિ સૈન્ય અભ્યાસ 2019

તાજેતરમાં 2થી 15 માર્ચ, 2019 દરમિયાન **ભારત અને બાંગ્લાદેશ** વચ્ચે **'સમ્પ્રીતિ સૈન્ય અભ્યાસ'**નું આયોજન થયું હતું.

- ભારત અને બાંગ્લાદેશ વચ્ચે યોજાયેલો આ **આઠમો** 'સમ્પ્રીતિ સૈન્ય અભ્યાસ' હતો.
- **બાંગ્લાદેશ**ના **તંગેલ** ખાતે તેનું આયોજન થયું હતું.
- ભારત અને બાંગ્લાદેશ વચ્ચે દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગની દષ્ટિએ આ યુદ્ધ અભ્યાસ ખૂબ જ મહત્ત્વનો છે.
- આ યુદ્ધ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ આતંકવાદનો સામનો કરવો, બંને દેશો વચ્ચે સૈન્ય સહયોગમાં વૃદ્ધિ કરવી તથા બંને દેશોની સેના વચ્ચે આપસી તાલમેલમાં વધારો કરવાનો છે.
- આ યુદ્ધ અભ્યાસનો પ્રારંભ **2009**થી થયો હતો.

## ICE ? Questions

1. ફીફા દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર વર્ષ 2020નો અંડર-17 વિમેન્સ ફૂટબોલ વર્લ્ડકપ કયાં યોજાશે ?
(A) ભારત (B) ફ્રાન્સ (C) જર્મની (D) ચીન — **(A)**

2. ભારતે તાજેતરમાં મ્યાનમાર સરહદે ચીન સમર્થિત કયા ત્રાસવાદી જૂથની આશરે 10 જેટલી છાવણીઓનો સફાયો કર્યો છે ?
(A) સરનામ (B) FTTE (C) અરાકાન (D) મકરાન — **(C)**

3. તાજેતરમાં 11થી 15 માર્ચ 2019 દરમિયાન યુનાઈટેડ નેશન્સ એનવાયર્નમેન્ટ એસેમ્બ્લી(UNEA)ના કેટલામા સત્રનું આયોજન થયું હતું ?
(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા — **(D)**

4. તાજેતરમાં 11થી 15 માર્ચ 2019 દરમિયાન યુનાઈટેડ નેશન્સ એનવાયર્નમેન્ટ એસેમ્બ્લી(UNEA)ના ચોથા સત્રનું આયોજન કયાં થયું હતું ?
(A) પેરિસ (B) જયપુર (C) નૈરોબી (D) ન્યુયોર્ક — **(C)**

5. તાજેતરમાં 11થી 15 માર્ચ 2019 દરમિયાન નૈરોબી ખાતે યોજાયેલા યુનાઈટેડ નેશન્સ એનવાયર્નમેન્ટ એસેમ્બ્લી(UNEA)ના ચોથા સત્રમાં ભારતે પર્યાવરણ સંબંધિત કેટલા પ્રસ્તાવ રજૂ કર્યા હતા ?
(A) એક (B) બે (C) ત્રણ (D) એકપણ નહિ — **(B)**

6. તાજેતરમાં માર્ચ 2019 દરમિયાન 'ફેસ્ટિવલ ઓફ ઈનોવેશન એન્ડ એન્ટરપ્રીન્યોરશિપ'નું આયોજન કયાં થયું હતું ?
(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) ભોપાલ (D) ગાંધીનગર — **(D)**

7. તાજેતરમાં ગુજરાતના ગાંધીનગર ખાતે યોજાયેલ 'ફેસ્ટિવલ ઓફ ઈનોવેશન એન્ડ એન્ટરપ્રીન્યોરશિપ' (FINE)2019નું ઉદ્‌ઘાટન કોણે કર્યું હતું ?
(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
(C) શ્રી વિજયભાઈ રૂપાણી (D) શ્રી ઓ.પી. કોહલી — **(B)**

8. તાજેતરમાં 2થી 15 માર્ચ, 2019 દરમિયાન ભારત અને કયા દેશ વચ્ચે 'સમ્પ્રીતિ સૈન્ય અભ્યાસ 2019'નું આયોજન થયું હતું ?
(A) મ્યાનમાર (B) બાંગ્લાદેશ (C) નેપાળ (D) અફઘાનિસ્તાન — **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**18 MARCH, 2019 MONDAY**

## ➤ ગોવાના 10મા મુખ્યમંત્રી શ્રી મનોહર પારિકરનું નિધન



17 માર્ચ, 2019ના રોજ ગોવાના 10મા મુખ્યમંત્રી શ્રી મનોહર પારિકરનું ગોવાના પણજી ખાતે આવેલા તેમના નિવાસ સ્થાને 63 વર્ષની વયે નિધન થયું છે.

- તેઓ લાંબા સમયથી બિમાર હતા. તેમને સ્વાદુપિંડ(Pan Creas)નું કેન્સર હતું.
- શ્રી મનોહર પારિકરનો જન્મ 13 ડિસેમ્બર, 1955ના રોજ ગોવાના માપુસા ખાતે થયો હતો.
- શ્રી મનોહર પારિકર IIT ગ્રેજ્યુએટ ભારતના પ્રથમ મુખ્યમંત્રી હતા. તેમણે 1978માં IIT મુંબઈથી મેટલર્જિકલનો અભ્યાસ કર્યો હતો.
- શ્રી મનોહર પારિકર સૌપ્રથમ 24 ઓક્ટોબર, 2000ના રોજ ગોવાના મુખ્યમંત્રી બન્યા હતા.
- શ્રી મનોહર પારિકર ગોવાના મુખ્યમંત્રી બનનાર 'ભારતીય જનતા પાર્ટી'ના પ્રથમ નેતા હતા.
- તેઓ 2000, 2002, 2012 અને 2017 એમ કુલ ચાર વખત ગોવાના મુખ્યમંત્રી બન્યા હતા.
- 9 નવેમ્બર 2014થી 13 માર્ચ 2017 દરમિયાન તેમણે ભારતના સંરક્ષણ મંત્રી તરીકે પણ સેવા આપી હતી.
- તેઓ ઉત્તરપ્રદેશથી રાજ્યસભાના સાંસદ પણ રહ્યા હતા.
- તેઓ યુવાવસ્થામાં જ RSS (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ)માં જોડાઈ ગયા હતા.

**નોંધ :** (1) શ્રી મનોહર પારિકરનું પૂરું નામ ડો. મનોહર ગોપાલકૃષ્ણ પ્રભુ પારિકર છે.

(2) તેમની સાદગી અને કર્તવ્ય નિષ્ઠાને કારણે સિદ્ધાંતવાદી શ્રી મનોહર પારિકરને ગોવામાં 'મિ. ક્લીન' તથા 'સ્કૂટરવાળા CM' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(3) 2013માં ગોવામાં યોજાયેલા ભાજપના અધિવેશનમાં શ્રી મનોહર પારિકરે જ સૌપ્રથમ વખત ભારતના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો.

(4) ઉરી હુમલા બાદ 28-29 સપ્ટેમ્બર, 2016ના રોજ ભારતે PoK(પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર)માં કરેલી સર્જિકલ સ્ટ્રાઈક દરમિયાન ભારતના સંરક્ષણ મંત્રી શ્રી મનોહર પારિકર જ હતા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

કરી શકો જો યુદ્ધ પહેલા જ, યુદ્ધની કવાયત
GPSCનો જંગ જીતવા, આવો કરીએ જમાવટ

ક્લાસ 1/2 GPSC
P.I. • S.T.I. • DY.SO • DY.MAMLATDAR

ફ્રી ટ્રાયલ લેક્ચર
29/03/19 સાંજે 7 વાગ્યે
32 વિકલી OMR પેપર પ્રેક્ટિસ
GPSCદ્વારા ICEના 170થી વધુ અધિકારીશ્રીઓ

## ICE Questions

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1. | તાજેતરમાં ગોવાના મુખ્યમંત્રી શ્રી મનોહર પારિકરનું નિધન થયું છે....તેઓ ગોવાના કેટલામા મુખ્યમંત્રી હતા ? | (A) 8મા | (B) 9મા | (C) 10મા | (D) 11મા | (C) |
| 2. | શ્રી મનોહર પારિકર કેટલી વખત ગોવાના મુખ્યમંત્રી બન્યા હતા ? | (A) બે | (B) ત્રણ | (C) ચાર | (D) પાંચ | (C) |
| 3. | શ્રી મનોહર પારિકરનો જન્મ કયાં થયો હતો ? | (A) પણજી | (B) માપુસા | (C) સંથાના | (D) લવાસા | (B) |
| 4. | શ્રી મનોહર પારિકરે કેન્દ્ર સરકારમાં કયા મંત્રી તરીકે સેવા આપી હતી ?<br>1. સંરક્ષણ મંત્રી<br>2. માનવ સંસાધન મંત્રી<br>3. પ્રવાસન મંત્રી<br>4. સંસ્કૃતિ મંત્રી | (A) ફક્ત – 1 | (B) 1 અને 2 | (C) 1 અને 3 | (D) 1 અને 4 | (A) |
| 5. | શ્રી મનોહર પારિકરના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?<br>1. તેઓ ગોવાથી રાજ્યસભાના સાંસદ હતા.<br>2. તેઓ ગોવાના મુખ્યમંત્રી બનનાર ભારતીય જનતા પાર્ટીના પ્રથમ નેતા હતા.<br>3. તેઓ IIT ગ્રેજ્યુએટ ભારતના પ્રથમ મુખ્યમંત્રી હતા.<br>4. તેઓ RSSમાંથી ભારતના પ્રથમ મુખ્યમંત્રી હતા. | (A) 1, 2, 3, 4 | (B) 1, 2, 3 | (C) 1, 3, 4 | (D) 2, 3 | (D) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 19 MARCH, 2019 TUESDAY

### ➤ પ્રથમ Africa-India Field Training Exercise - 2019 (AFINDEX-19)

તાજેતરમાં 18થી 27 માર્ચ 2019 દરમિયાન ભારત અને 17 આફ્રિકી દેશો વચ્ચે ભારતમાં પૂણેના ઔંધ મિલિટ્રી સ્ટેશન ખાતે પ્રથમ 'આફ્રિકા-ઈન્ડિયા ફિલ્ડ ટ્રેઈનિંગ અભ્યાસ - 2019'નું આયોજન થયું છે.


- આ સૈન્ય અભ્યાસને 'AFINDEX-19' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ સૈન્ય અભ્યાસમાં દક્ષિણ આફ્રિકા, કેન્યા, ઝિમ્બાબ્વે, નાઈજીરીયા સહિત 17 આફ્રિકન દેશોના સૈનિકો ભાગ લઈ રહ્યા છે.
- જ્યારે ભારત તરફથી મરાઠા લાઈટ ઈન્ફેંટ્રીના સૈનિકો આ અભ્યાસમાં ભાગ લઈ રહ્યા છે.
- આ સૈન્ય અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ માનવીય સહયોગ અને શાંતિ મિશન માટે સહભાગી દેશોને ટ્રેઈનિંગ આપવાનો છે.
- આ સૈન્ય અભ્યાસ દરમિયાન ભારતીય સેના સંયુક્ત રાષ્ટ્ર શાંતિ મિશન માટે પોતાના અનુભવોથી આફ્રિકી દેશોની સેનાને વાકેફ કરશે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ ઈન્ડિયન વેલ્સ ટેનિસ ટુર્નામેન્ટ 2019

તાજેતરમાં 4થી 17 માર્ચ, 2019 દરમિયાન **અમેરિકા**ના **કેલિફોર્નિયા** રાજ્યના **ઈન્ડિયન વેલ્સ** નામના શહેરમાં **ઈન્ડિયન વેલ્સ ટેનિસ ગાર્ડન** ખાતે **‘ઈન્ડિયન વેલ્સ ટેનિસ ટુર્નામેન્ટ 2019’**નું આયોજન થયું હતું.

- આ ટેનિસ ટુર્નામેન્ટને **‘BNP Paribus Open’** તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ ટેનિસ ટુર્નામેન્ટની **‘મેન્સ સિંગલ્સ’**ની ફાઈનલ મેચમાં **સ્વિત્ઝર્લેન્ડ**ના **શ્રી રોજર ફેડરર**ને પરાજય આપીને **ઓસ્ટ્રિયા**ના **શ્રી ડોમિનિક થિયમે** આ ટાઈટલ પ્રથમ વખત જીતી લીધું છે.
- જ્યારે **કેનેડા**ના **સુશ્રી બિયાન્કા એન્ડ્રીસ્કુ**એ **જર્મની**ના **સુશ્રી એંજેલિક કેર્બર**ને પરાજય આપીને આ ટુર્નામેન્ટનું **‘વિમેન્સ સિંગલ્સ’**નું ટાઈટલ જીતી લીધું છે.



## ➤ SBI દ્વારા Yono Cashની સુવિધા લોન્ચ

તાજેતરમાં ભારતની સૌથી મોટી બેન્ક સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI) દ્વારા ગ્રાહકો માટે Yono Cashની સુવિધા લોન્ચ કરવામાં આવી છે.

### Yono Cash શું છે ?

SBI દ્વારા તેના ગ્રાહકો માટે શરૂ કરવામાં આવેલી આ 'Yono Cash Service' અંતર્ગત ડેબિટ કાર્ડ વિના ATMમાંથી નાણાં ઉપાડી શકાશે.

- આ સેવા SBIના ડિજિટલ બેન્કિંગ પ્લેટફોર્મનો એક ભાગ છે.
- YONOનું પૂરું નામ 'You Only Need One' છે.
- SBIના આશરે 16,500 ATM પર આ કાર્ડલેસ કેસ વિડ્રોઅલની સુવિધા ઉપલબ્ધ થશે.
- આવી સુવિધા ધરાવતા SBI ATM 'YONO Cash Point' તરીકે ઓળખાશે.

### Yono Cashની મદદથી પૈસા કઈ રીતે ઉપાડી શકાશે ?

આ સુવિધાનો લાભ લેવા માટે SBI કસ્ટમરે પોતાના સ્માર્ટ ફોન પર Yono App ડાઉનલોડ કરવાની રહેશે.

- આ એપ ડાઉનલોડ કર્યા બાદ તેમાં 6 - અંકનો YONO PIN સેટ કરવાનો રહેશે.
- ત્યારબાદ 'YONO Cash Point' પરથી ગ્રાહકે પૈસા ઉપાડવા માટે 6-અંકનો આ પીન એન્ટર કરવાનો રહેશે.
- પૈસા ઉપાડવાની વિનંતી માટે આ પીન એન્ટર થઈ ગયા બાદ કસ્ટમરના મોબાઈલમાં 6-અંકનો એક Code SMS દ્વારા મોકલવામાં આવશે.
- આ કોડ યોનો કેશ પોઈન્ટમાં એન્ટર કરવાથી ડેબિટ કે ક્રેડિટ કાર્ડ વગર જ ATMમાંથી નાણાં મળી જશે.

### આ સુવિધાથી શું લાભ થશે ?

ભારતમાં હાલ ATM પર ડેબિટ–ક્રેડિટ કાર્ડના ઉપયોગ દરમિયાન ફ્રોડના અનેક કિસ્સાઓ થઈ રહ્યા છે. ત્યારે આ કાર્ડ લેશ સુવિધાથી ડેબિટ–ક્રેડિટ કાર્ડના ઉપયોગ દરમિયાન થતા ફ્રોડથી બચી શકાશે.

- આ ઉપરાંત ગ્રાહકને પૈસા ઉપાડવા માટે ડેબિટ કાર્ડ સાથે રાખવાની જરૂર નહિ પડે.

**નોંધ :** ATMનું પૂરું નામ 'Automated Teller Machine' છે.

### ICE ? Questions

1. 'ઈન્ડિયન વેલ્સ 2019' અથવા તો 'BNP Paribus Open 2019'માં 'મેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ટેનિસ ખેલાડીનું નામ શું છે ?
   (A) શ્રી રોજર ફેડરર (B) શ્રી નોવાક યોકોવિચ
   (C) શ્રી ડોમિનિક થિયમ (D) શ્રી રાફેલ નડાલ
   **(C)**

2. ઓસ્ટ્રિયાના શ્રી ડોમિનિક થિયમે તાજેતરમાં કોને પરાજય આપીને 'ઈન્ડિયન વેલ્સ 2019'નું 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતી લીધું છે ?
   (A) શ્રી રાફેલ નડાલ (B) શ્રી રોજર ફેડરર
   (C) શ્રી નોવાક યોકોવિચ (D) શ્રી એન્ડી મરે
   **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

3. તાજેતરમાં ભારત અને કોની વચ્ચે AFINDEX-19 સૈન્ય અભ્યાસનું આયોજન થયું હતું ?
(A) 15 આફ્રિકી દેશો (B) 16 આફ્રિકી દેશો (C) 17 આફ્રિકી દેશો (D) 18 આફ્રિકી દેશો **(C)**

4. તાજેતરમાં ભારત અને 17 આફ્રિકી દેશો વચ્ચે ભારતમાં કઈ જગ્યાએ AFINDEX-19 સૈન્ય અભ્યાસનું આયોજન થયું હતું ?
(A) બેંગાલુરુ (B) કોલકાતા (C) મૈસૂર (D) પૂણે **(D)**

5. તાજેતરમાં ભારતમાં કઈ બેન્ક દ્વારા ATM પરથી ક્રેડિટ કાર્ડ વિના જ નાણાં ઉપાડવાની સુવિધા લોન્ચ કરવામાં આવી છે ?
(A) Axis (B) SBI (C) ICICI (D) HDFC **(B)**

6. તાજેતરમાં SBI દ્વારા ભારતમાં ક્રેડિટ કે ડેબિટ કાર્ડ વિના જ ATM પરથી નાણાં ઉપાડવા માટે કઈ સુવિધા લોન્ચ કરવામાં આવી છે ?
(A) NANO Cash (B) NONO Cash (C) YANO Cash (D) YONO Cash **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક સ્પર્ધામાં વહેલી શરૂઆત... એટલે જ વિજય
ગુજરાત સરકારની તમામ ભરતીઓ માટે
જનરલ બેચ
ફ્રી ટ્રાયલ લેક્ચર
04/04/19
સાંજે 7 વાગ્યે
આપની સફળતાને નિશ્ચિત કરતી
6 મહિનાની 'સ્પેશિયલ એડવાન્સ બેચ'
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી એડવાન્સ લેવલ મટીરિયલ્સ
- શરૂઆતથી છેક પરીક્ષાખંડ સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો ઊંડાણપૂર્વકનો પાયાની સમજથી અભ્યાસ.
- ગુજરાતી, ENGLISH,ગણિત અને સામાન્ય જ્ઞાનના 15 થી વધુ વિષયોની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી

2012 - 18
1237+
સફળ ઉમેદવાર

32+
Weekly Test
MEGA TEST SERIES ON
OMR SHEET

## 20 MARCH, 2019 WEDNESDAY

## ➤ દિવસ મહિમા : (1) 20 માર્ચ, વિશ્વ ચકલી દિન (2) ફાગણ સુદ પૂર્ણિમા, હોળી

### વિશ્વ ચકલી દિવસ (World Sparrow Day)



ચકલીના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે સમગ્ર વિશ્વમાં 20 માર્ચના રોજ 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ફ્રાન્સની 'ઈકો-સીઝ એક્શન ફાઉન્ડેશન' અને વિશ્વના અન્ય સંગઠનો સાથે મળીને ભારતની 'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા' દ્વારા શરૂ કરવામાં આવેલી આ એક પહેલ છે.
- આ અંતર્ગત સૌપ્રથમ વર્ષ 2010માં પ્રથમ 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- ભારતમાં ચકલીના સંરક્ષણ માટે નાસિકના નિવાસી શ્રી મોહમ્મદ દિલાવર નામના વ્યક્તિએ 'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા'ની સ્થાપના કરી હતી.
- પર્યાવરણના સંરક્ષણ માટે 'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા' દ્વારા 20 માર્ચ, 2011થી ગુજરાતના અમદાવાદ ખાતેથી 'ચકલી એવોર્ડ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

### 'વિશ્વ ચકલી દિવસ'ની વર્ષ 2019ની થીમ

'વર્લ્ડ સ્પેરો ડે ORG' દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2019ની 'વિશ્વ ચકલી દિવસ'ની થીમ 'I LOVE Sparrows' છે.

**નોંધ :** ચકલીના સંરક્ષણ ઉપરાંત શહેરોમાં રહેતા અન્ય પક્ષીઓના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે પણ 20 માર્ચના રોજ 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## ➤ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા IDBIને ખાનગી બેંક જાહેર કરવામાં આવી

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા(RBI) દ્વારા તાજેતરમાં IDBI બેંકને ભારતની જાહેર બેંકોની યાદીમાંથી દૂર કરીને ભારતની ખાનગી બેંકોની યાદીમાં રાખવામાં આવી છે.

- ભારતીય જીવન વીમા નિગમ(LIC) દ્વારા તાજેતરમાં IDBIના કુલ શેરમાંથી 51 ટકા શેર ખરીદી લેવામાં આવ્યા છે.
- આથી, LIC દ્વારા IDBIમાં 51 ટકા ભાગના અધિગ્રહણ બાદ જાહેર ક્ષેત્રની આ બેંકને RBI દ્વારા ખાનગી બેંક જાહેર કરવામાં આવી છે.

### IDBI

IDBIની સ્થાપના 1 જુલાઈ, 1964ના રોજ થઈ હતી.

- તેનું વડું મથક મહારાષ્ટ્રના મુંબઈ ખાતે આવેલું છે.
- IDBIનું પૂરું નામ 'Industrial Development Bank of India' છે.
- IDBIની સ્થાપના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા(RBI)ની સંપૂર્ણ માલિકીની પેટા બેંક તરીકે સંસદના એક એક્ટ દ્વારા થઈ હતી.
- ત્યારબાદ 1976માં IDBIની માલિકી RBI પાસેથી ભારત સરકારને તબદીલ કરવામાં આવી હતી.

- અને તે ભારતમાં ઉદ્યોગોને ધીરાણ, પ્રોત્સાહન અને તેના વિકાસમાં સહયોગ આપતી સંસ્થાઓ દ્વારા થતી પ્રવૃત્તિઓના સંકલન માટેની મુખ્ય નાણાકીય સંસ્થા બની ગઈ હતી.
- 1964થી 1991 દરમિયાન ભારતમાં ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવામાં IDBIની મહત્ત્વની ભૂમિકા હતી.
- IDBIના સમર્થનથી જેની સ્થાપના થઈ હોય એવી કેટલીક ભારતીય સંસ્થાઓમાં SEBI, Exim Bank, NSE, NSDL, SHCIL, SIDBI વગેરેનો સમાવેશ થાય છે.
- જુલાઈ, 1995માં IDBIમાં ભારત સરકારનો હિસ્સો 100 ટકાથી ઘટીને 75% થઈ ગયો હતો.
- હાલ (20 માર્ચ, 2019ની સ્થિતિએ) IDBIમાં LICનો હિસ્સો 51% અને ભારત સરકારનો હિસ્સો 46.46% છે. બાકીનો 2.54% હિસ્સો અન્ય લોકો પાસે છે.

### LIC

LICનું પૂરું નામ 'Life Insurance Corporation (of India)' (ભારતીય જીવન વીમા નિગમ) છે. (Life Insurance of Corporation નહિ)

- તે ભારત સરકારની માલિકી ધરાવતી જીવન વીમા અને ઈન્વેસ્ટમેન્ટ કંપની છે.
- LICએ ભારતની સૌથી મોટી વીમા કંપની છે.
- તેનું વડું મથક મુંબઈ ખાતે આવેલું છે.
- તેનું આદર્શ વાક્ય 'યોગક્ષેમં વહામ્યહમ' છે.
- LICની સ્થાપના માટે ભારત સરકાર દ્વારા 19 જૂન, 1956ના રોજ સંસદમાં 'Life Insurance of India Act' પસાર કરવામાં આવ્યો હતો.
- આ એક્ટ અંતર્ગત 1 સપ્ટેમ્બર, 1956ના રોજ LICની સ્થાપના થઈ હતી.

## ➤ વ્યાસ સમ્માન 2018

વર્ષ 2018નો વ્યાસ સમ્માન પ્રસિદ્ધ હિન્દી સાહિત્યકાર શ્રી લીલાધર જગુડીને એનાયત થયો છે.

- શ્રી લીલાધર જગુડીને તેમના કાવ્યસંગ્રહ 'જિતને લોગ ઉતને પ્રેમ' માટે આ પુરસ્કાર એનાયત થયો છે.

### વ્યાસ સમ્માન

વ્યાસ સમ્માન એ ભારતમાં જ્ઞાનપીઠ પુરસ્કાર બાદ બીજો સૌથી મોટો સાહિત્ય પુરસ્કાર છે.

- શ્રી કે.કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા 1991થી આ વાર્ષિક પુરસ્કારની શરૂઆત કરવામાં આવી છે.
- આ અંતર્ગત 1991માં સૌપ્રથમ શ્રી રામવિલાસ શર્માને 'ભારત કે પ્રાચીન ભાષા પરિવાર ઔર હિન્દી' કૃતિ માટે આ પુરસ્કાર એનાયત થયો હતો.
- જ્યારે આ અગાઉ વર્ષ 2017નો વ્યાસ સમ્માન હિન્દીના પ્રસિદ્ધ મહિલા લેખિકા સુશ્રી મમતા કાલિયાને તેમની કૃતિ 'દુખમ સુખમ' માટે એનાયત થયો હતો.
- હિન્દી ભાષામાં છેલ્લા 10 વર્ષમાં પ્રકાશિત થયેલી શ્રેષ્ઠ સાહિત્ય કૃતિ માટે તેના લેખકને આ પુરસ્કાર એનાયત થાય છે.
- આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને રૂ. 3,50,000 (વર્ષ 2017 અનુસાર) રોકડ રકમ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી લીલાધર જગુડી

શ્રી લીલાધર જગુડી હિન્દી ભાષાના વરિષ્ઠ કવિઓમાંના એક છે.

- તેમનો જન્મ <u>ઉત્તરાખંડ</u>ના <u>ટિહરી ગઢવાલ</u> જિલ્લાના એક ગામમાં થયો હતો.
- તેમના અત્યાર સુધીમાં 15થી વધુ કાવ્યસંગ્રહો પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે.
- તેમને વર્ષ <u>2004</u>માં <u>પદ્મશ્રી</u> પુરસ્કાર એનાયત થયો હતો.
- આ ઉપરાંત તેમને <u>'અનુભવ કે આકાશ મેં ચાંદ'</u> કૃતિ માટે <u>સાહિત્ય અકાદમી પુરસ્કાર</u> પણ એનાયત થયો છે.

## ICE Questions

1. સમગ્ર વિશ્વમાં 'વિશ્વ ચકલી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 18 માર્ચ (B) 19 માર્ચ (C) 20 માર્ચ (D) 21 માર્ચ **(C)**

2. ભારતમાં કયો દિવસ 'હોળી'ના પર્વ તરીકે ઉજવાય છે ?
(A) ફાગણ વદ પૂર્ણિમા (B) ફાગણ સુદ પૂર્ણિમા
(C) ચૈત્ર વદ પૂર્ણિમા (D) ચૈત્ર સુદ પૂર્ણિમા **(B)**

3. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં ભારતની કઈ બેન્કને ખાનગી બેંક જાહેર કરવામાં આવી છે ?
(A) કેનેરા બેંક (B) દેના બેંક
(C) IDBI બેંક (D) યુનિયન બેંક ઓફ ઈન્ડિયા **(C)**

4. તાજેતરમાં IDBIનો 51 ટકા શેર હિસ્સો ખરીદીને કોના દ્વારા IDBIનું અધિગ્રહણ કરવામાં આવ્યું છે ?
(A) RBI (B) Axis Bank (C) UCO Bank (D) LIC **(D)**

5. IDBIના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેનું પૂરું નામ 'Industrial Development Bank of India' છે.
2. સંસદના એક એક્ટ દ્વારા 1 જુલાઈ, 1964ના રોજ તેની સ્થાપના થઈ હતી.
3. તેનું વડું મથક મહારાષ્ટ્રના પૂણે ખાતે આવેલું છે.
(A) 1, 2, 3 (B) 1 અને 2 (C) 1 અને 3 (D) 2 અને 3 **(B)**

6. તાજેતરમાં વર્ષ 2018નો વ્યાસ સમ્માન કોને એનાયત થયો છે ?
(A) શ્રી રામવિલાસ શર્મા (B) સુશ્રી મમતા કાલિયા
(C) શ્રી લીલાધર જગુડી (D) શ્રી નાગરાજ વૈદ્ય **(C)**

7. શ્રી લીલાધર જગુડીને તેમની કઈ કૃતિ માટે વર્ષ 2018નો વ્યાસ સમ્માન એનાયત થયો છે ?
(A) અનુભવ કે આકાશ મેં ચાંદ (B) દુખમ સુખમ
(C) નયે રાહ કી તલાશ મેં (D) જિતને લોગ ઉતને પ્રેમ **(D)**

8. 'વ્યાસ સમ્માન'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. શ્રી કે.કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા 1990થી દર વર્ષે આ પુરસ્કાર એનાયત થાય છે.
2. તે ભારતનો બીજો સર્વોચ્ચ સાહિત્ય પુરસ્કાર છે.
3. હિન્દી ભાષામાં છેલ્લા 10 વર્ષમાં પ્રકાશિત થયેલી શ્રેષ્ઠ કૃતિના સર્જકને આ પુરસ્કાર એનાયત થાય છે.
4. વર્ષ 2017 અનુસાર આ પુરસ્કાર અંતર્ગત રૂ. 2,50,000 રોકડ રકમ એનાયત થાય છે.
(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 2, 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**21 MARCH, 2019 THURSDAY**

## ➤ દિવસ મહિમા : 21 માર્ચ, આંતરરાષ્ટ્રીય વન દિવસ; વિશ્વ કવિતા દિવસ વિશ્વ કલર દિવસ, વર્લ્ડ પપેટ્રી ડે, વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ ડે

### આંતરરાષ્ટ્રીય વન દિવસ



વન સંરક્ષણ વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી સમગ્ર વિશ્વમાં દર વર્ષે <u>21 માર્ચ</u>ના રોજ **<u>આંતરરાષ્ટ્રીય વન દિવસ</u>**ની ઉજવણી કરવામાં આવે છે.

- **<u>સંયુક્ત રાષ્ટ્ર</u>**ની જનરલ એસેમ્બલી દ્વારા **<u>28 નવેમ્બર 2012</u>**ના રોજ 21 માર્ચને આંતરરાષ્ટ્રીય વન દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત <u>21 માર્ચ 2013</u>ના રોજ સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ <u>2019</u>ના આંતરરાષ્ટ્રીય વન દિવસની થીમ **<u>'Forests and Education' (વન અને શિક્ષણ)</u>** છે.

**નોંધ :** (1) <u>નવેમ્બર 2005</u>માં <u>"ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO)"</u>એ જાહેર કરેલ યાદી મુજબ વિશ્વમાં દર મિનિટે <u>25 હેક્ટર</u> એટલે કે <u>36 ફૂટબોલ મેદાન</u> જેટલા કુદરતી વનોનો નાશ થઈ રહયો છે.

(2) વૈજ્ઞાનિકોના મતે ઓછામાં ઓછી <u>33% જમીન</u> વનવિસ્તાર ધરાવતી હોવી જોઈએ.

### વિશ્વ કવિતા દિવસ




વિશ્વભરમાં કવિતાના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે <u>21 માર્ચ</u>ના રોજ **<u>વિશ્વ કવિતા દિવસ</u>**ની ઉજવણી કરવામાં આવે છે.

- <u>1999</u>માં **<u>પેરીસ</u>** ખાતે યોજાયેલા **<u>યુનેસ્કો</u>**ના 30મા સત્રમાં **<u>યુનેસ્કો</u>** દ્વારા 21 માર્ચના રોજ વિશ્વ કવિતા દિવસની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય કવિતા ચળવળને નવી માન્યતા અને પ્રોત્સાહન આપવાનો છે.

**નોંધ :** (1) <u>UNESCOનું</u> પૂરું નામ **<u>'યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન'</u>** છે.

(2) <u>4 નવેમ્બર, 1946</u>ના રોજ યુનેસ્કોની સ્થાપના થઈ હતી.

(3) **<u>યુનેસ્કોનું</u>** વડું મથક **<u>'ધ પ્લેસ દ ફોન્ટેનોય'</u>** ફ્રાન્સના **<u>પેરિસ</u>** ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ DRDO દ્વારા 'Combat Casualty Drugs' વિકસાવવામાં આવી

<u>Defence Research and Development Organisation (DRDO)</u> દ્વારા તાજેતરમાં <u>'કોમ્બેટ કેજ્યુઅલ્ટી ડ્રગ્સ'</u> વિકસાવવામાં આવી છે.

- આ દવાઓથી ઘાયલ જવાનોને હોસ્પિટલમાં પહોંચાડવામાં આવે એ પહેલાના નાજુક સમયને વધારી શકાશે.
- આ દવાની શોધનો મુખ્ય ઉદ્દેશ પુલવામા જેવા હુમલાઓ અથવા યુદ્ધની સ્થિતિમાં ગંભીર રીતે ઘાયલ જવાનોનો યોગ્ય ઈલાજ કરીને તેમનો જીવ બચાવવાનો તથા મૃતકોની સંખ્યા ઘટાડવાનો છે.
- સામાન્ય રીતે ગંભીર રીતે ઘાયલ જવાન હોસ્પિટલ સુધી પહોંચે એ પહેલા જ સારવારના અભાવે મૃત્યુ પામે છે. આ સંજોગોમાં આ દવાથી, ઘાયલ જવાનોની તેઓ હોસ્પિટલ સુધી પહોંચે એ પહેલા જ સારવાર થઈ શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

GPSC 1/2, PI, PSI/ASI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, કલાર્ક, તલાટી, સ્ટાફ સિલેક્શન, રેલવે, TET/TAT, તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

તર્કશક્તિ
REASONING


શોર્ટકટ ટ્રીક્સ અને સ્કોરીંગ મેથડ સાથે તદ્દન સરળ સમજૂતી અને પ્રેક્ટીસ

સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને થયેલી રીઝનિંગના વિવિધ ટોપિકની તદ્દન સરળ રજૂઆત

બદલાયેલ પરીક્ષા પદ્ધતિને અનુરૂપ તૈયાર કરાયેલ સંપૂર્ણ પરીક્ષાલક્ષી મટીરિયલ્સ

GPSCથી લઈને વર્ગ-3 સુધીના તમામ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી પુસ્તક






Available at amazon

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

વધુ માહિતી માટે
CALL
93753-01110

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## ➢ BEE દ્વારા રાષ્ટ્રીય રણનીતિ દસ્તાવેજ UNNATEE (ઉન્નતી) તૈયાર કરવામાં આવ્યો

તાજેતરમાં 'Bureau of Energy Efficiency (BEE) દ્વારા ભારતમાં ઊર્જા કાર્યક્ષમતામાં વધારો કરવા માટે એક રાષ્ટ્રીય રણનીતિ દસ્તાવેજ UNNATEE તૈયાર કરવામાં આવ્યો છે.

### UNNATEE દસ્તાવેજ શું છે ?

UNNATEEનું પૂરું નામ 'UNlocking NATional Energy Efficiency Potential' છે.

- આ દસ્તાવેજ ઊર્જા કાર્યક્ષમતામાં વૃદ્ધિ દ્વારા ભારતના પર્યાવરણ અને ક્લાયમેટ ચેન્જ માટેના લક્ષ્યાંકોને હાંસલ કરવા માટેનો એક વ્યાપક રોડમેપ પૂરો પાડે છે.
- આ દસ્તાવેજમાં રાજ્ય સ્તર સુધીના ઊર્જા લક્ષ્યાંકોનું સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યું. જે આ પ્રકારનો પ્રથમ પ્રયાસ છે.
- ભારતમાં પર્યાવરણ સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે તેમજ ભારતમાં ઊર્જાની માંગના દબાણને ઓછું કરવા માટે આ દસ્તાવેજ ખૂબ જ મહત્ત્વનો છે.
- ભારત સરકારના વિવિધ વિભાગો, વિવિધ સંગઠનો અને અનેક અધિકારીઓ સાથે વ્યાપક ચર્ચા બાદ આ દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો છે.

### Bureau of Energy Efficiency (BEE)

BEE એ ભારત સરકારના વીજ મંત્રાલય હેઠળની એક વૈધાનિક સંસ્થા છે.

- ઊર્જા સંરક્ષણ અધિનિયમ, 2001ની જોગવાઈઓ અનુસાર ભારત સરકાર દ્વારા 1 માર્ચ 2002ના રોજ તેની સ્થાપના કરવામાં આવી હતી.
- ભારતીય અર્થતંત્રમાં ઊર્જાની જરૂરિયાતો પૂરી કરવા માટે આ સંસ્થા દ્વારા નીતિઓ અને રણનીતિઓ તૈયાર કરવામાં આવે છે.


Available at amazon



બિનસચિવાલયના ખાસ સંદર્ભ માટે
જાહેર વહીવટ
એક પરિચય
જાહેર વહિવટ અંગેના ચાર્ટસ દ્વારા સરળ સમજૂતી
સરળ ભાષામાં ગહન માહિતીની છણાવટ
સરકારી તંત્ર અને વહિવટની વિસ્તૃત સમજ
500+ જાહેર વહિવટના પરીક્ષાલક્ષી મહત્વના પ્રશ્નો
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
વધુ માહિતી માટે CALL 93753-01110
આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર પર ઉપલબ્ધ

## ICE Questions

1. 21 માર્ચ, 2019ના રોજ નીચેનામાંથી કયો દિવસ ઉજવાતો નથી ?
   (A) વિશ્વ વન દિવસ (B) વિશ્વ કવિતા દિવસ (C) વિશ્વ કલર દિવસ (D) વિશ્વ ભવાઈ દિવસ — **(D)**

2. સમગ્ર વિશ્વમાં ‘વર્લ્ડ પપેટ્રી ડે’ અને ‘વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ ડે’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 20 માર્ચ (B) 21 માર્ચ (C) 22 માર્ચ (D) 23 માર્ચ — **(B)**

3. વર્ષ 2019ના ‘આંતરરાષ્ટ્રીય વન દિવસ’ની થીમ શું છે ?
   (A) Forests and Energy (B) Forests and Climate
   (C) Forests and World (D) Forests and Education — **(D)**

4. યુનેસ્કો દ્વારા 21 માર્ચને ‘વિશ્વ કવિતા દિવસ’ તરીકે ઉજવવાની જાહેરાત કયારે કરવામાં આવી હતી ?
   (A) 1999 (B) 2001 (C) 2002 (D) 2004 — **(A)**

5. BEE દ્વારા તાજેતરમાં તૈયાર કરવામાં આવેલા રાષ્ટ્રીય રણનીતિ દસ્તાવેજનું નામ શું છે ?
   (A) ઉન્નતી (B) પ્રગતિ (C) રોશની (D) દિશા — **(A)**

6. BEE દ્વારા તાજેતરમાં તૈયાર કરવામાં આવેલા રાષ્ટ્રીય રણનીતિ દસ્તાવેજ UNNATEEનો મુખ્ય ઉદ્દેશ શું છે ?
   (A) ભારતમાં ઘેર ઘેર વીજળી પહોંચાડવી
   (B) ભારતમાં વીજ બીલમાં કાગળનો વપરાશ બંધ કરવો
   (C) ભારતમાં ઊર્જા કાર્યક્ષમતામાં વૃદ્ધિ કરવી (D) ત્રણમાંથી કોઈ નહિ — **(C)**

7. તાજેતરમાં ભારતમાં ઘાયલ જવાનોની સારવાર માટે કોના દ્વારા ‘કોમ્બેટ કેજ્યુઅલ્ટી ડ્રગ્સ’ વિકસાવવામાં આવી છે ?
   (A) Cadila Healthcare (B) ISRO
   (C) TTK Group (D) DRDO — **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 22 MARCH, 2019 FRIDAY

### ➤ દિવસ મહિમા : 22 માર્ચ, વિશ્વ જળ દિવસ (World Water Day)

શુદ્ધ જળના મહત્ત્વ અંગે જાગૃતિ લાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 માર્ચના રોજ ‘વિશ્વ જળ દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ડિસેમ્બર 1992માં 22 માર્ચને ‘વિશ્વ જળ દિવસ’ તરીકે સ્વીકૃતિ આપવામાં આવી હતી.
- આ અંતર્ગત 22 માર્ચ, 1993ના રોજ પ્રથમ ‘વિશ્વ જળ દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2019ની વિશ્વ જળ દિવસની થીમ ‘Leaving no one behind’ છે.



## ➤ ગોવાના 13મા મુખ્યમંત્રી તરીકે શ્રી પ્રમોદ સાવંતના શપથ



તાજેતરમાં ગોવાના મુખ્યમંત્રી શ્રી મનોહર પારિકરના નિધન બાદ **શ્રી પ્રમોદ સાવંતે** ગોવાના નવા મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા છે.

- ગોવાના રાજ્યપાલ શ્રીમતી **મૃદુલા સિંહા**એ શ્રી પ્રમોદ સાવંતને ગોવાના **13મા મુખ્યમંત્રી** તરીકે શપથ અપાવ્યા હતા.

### ગોવાના 8મા નાયબ મુખ્યમંત્રી

આ ઉપરાંત **શ્રી સુદિન ધાવલીકર** અને **શ્રી વિજય સરદેસાઈ**ને ગોવાના **8મા** નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે.

### ગોવાના નવા મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી

| ક્રમ | નામ | હોદ્દો | પક્ષનું નામ |
|---|---|---|---|
| 1 | શ્રી પ્રમોદ સાવંત | (13મા) મુખ્યમંત્રી | ભાજપ |
| 2 | શ્રી સુદિન ધાવલીકર | (8મા) નાયબ મુખ્યમંત્રી | મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટી |
| 3 | શ્રી વિજય સરદેસાઈ | (8મા) નાયબ મુખ્યમંત્રી | ગોવા ફોરવર્ડ પાર્ટી |

**નોંધ :** **શ્રી પ્રમોદ સાવંત** ગોવા વિધાનસભાના **સ્પીકર** હતા. અને તેઓ ઉત્તર ગોવાની **સંખેલિમ** વિધાનસભા બેઠક પરથી ચૂંટાયેલા છે.

### શપથવિધિ

શપથવિધિ દરમિયાન **રાજ્યપાલ** મુખ્યમંત્રી અને અન્ય મંત્રીશ્રીઓને ભારતીય બંધારણના **ત્રીજા પરિશિષ્ઠ** અનુસાર **હોદ્દો અને ગુપ્તતા**ના શપથ અપાવે છે.

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 164(3)** મુજબ રાજ્યપાલ દ્વારા આ શપથ અપાવવામાં આવે છે.
- આ શપથ **'ઈશ્વર'**ના નામે લેવામાં આવે છે.

**નોંધ :** (1) ભારતીય બંધારણના **અનુચ્છેદ – 164** અંતર્ગત રાજ્યપાલ દ્વારા મુખ્યમંત્રીની નિમણૂક કરવામાં આવે છે.
(2) ભારતીય બંધારણમાં નાયબ મુખ્યમંત્રી પદની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. માત્ર વહીવટી સરળતા માટે જ રાજ્યમાં નાયબ મુખ્યમંત્રીનું પદ હોય છે.

### ગોવા વિધાનસભામાં વિશ્વાસનો મત

ગોવાના નવા મુખ્યમંત્રી તરીકે શ્રી પ્રમોદ સાવંતના શપથ ગ્રહણ બાદ 20 માર્ચ, 2019ના રોજ ગોવા વિધાનસભામાં વિશ્વાસનો મત લેવામાં આવ્યો હતો.

- જેમાં મુખ્યમંત્રી શ્રી પ્રમોદ સાવંતની **તરફેણમાં 20** અને **વિરુદ્ધમાં 15** મત પડ્યા હતા.
- આથી શ્રી પ્રમોદ સાવંતે આ વિશ્વાસનો મત જીતી લીધો હતો.

**નોંધ :** ગોવા વિધાનસભામાં કુલ સભ્ય સંખ્યા **40** છે. જેમાંથી 4 બેઠકો ખાલી છે. આથી ગોવા વિધાનસભામાં હાલ (22 માર્ચ, 2019ની સ્થિતિએ) સ્પીકર સહિત ધારાસભ્યોની સંખ્યા 36 છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ મોઝાંબિકમાં ચક્રવાતી તોફાન 'ઈદાઈ'થી ભારે નુકશાન

તાજેતરમાં **મોઝાંબિક**ના **બીરા** નામના બંદરે ત્રાટકેલા **'ઈદાઈ'** નામના **ચક્રવાતી તોફાન**ને કારણે ભારે નુકશાન થયું હતું.

- આ સંજોગોમાં મોઝાંબિકમાં મદદ માટે ભારતીય નૌસેના સૌથી પહેલા પહોંચી ગઈ હતી.
- જેમાં મોઝાંબિકમાં સહાયતા માટે ભારતીય નૌસેનાના **સુજાતા**, **સારથી** અને **શાર્દૂલ** નામના **ત્રણ જહાજો**એ ભાગ લીધો હતો.

### ICE Questions

1. સમગ્ર વિશ્વમાં કયો દિવસ 'વિશ્વ જળ દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) 20 માર્ચ (B) 21 માર્ચ (C) 22 માર્ચ (D) 23 માર્ચ — (C)

2. વર્ષ 2019ની 'વિશ્વ જળ દિવસ'ની થીમ શું છે ?
(A) Why Waste Water ? (B) Nature for Water
(C) Leaving no one behind (D) Water and Energy — (C)

3. તાજેતરમાં ગોવાના નવા મુખ્યમંત્રી તરીકે કોણે શપથ લીધા છે ?
(A) શ્રી વસંત મહાજન (B) શ્રી સુદિન ધાવલીકર
(C) શ્રી વિજય સરદેસાઈ (D) શ્રી પ્રમોદ સાવંત — (D)

4. તાજેતરમાં શ્રી પ્રમોદ સાવંત ગોવાના કેટલામા મુખ્યમંત્રી બન્યા છે ?
(A) 11મા (B) 12મા (C) 13મા (D) 15મા — (C)

5. તાજેતરમાં ગોવાના 8મા નાયબ મુખ્યમંત્રી કોણ બન્યું છે ?
(A) શ્રી સુદિન ધાવલીકર અને શ્રી વસંત મહાજન
(B) શ્રી સુદિન ધાવલીકર અને શ્રી વિજય મહાજન
(C) શ્રી સુદિન ધાવલીકર અને શ્રી વસંત સરદેસાઈ
(D) શ્રી સુદિન ધાવલીકર અને શ્રી વિજય સરદેસાઈ — (D)

6. તાજેતરમાં ગોવાના નવા મુખ્યમંત્રી તરીકે શ્રી પ્રમોદ સાવંતને કોણે શપથ અપાવ્યા છે ?
(A) શ્રીમતી નયના શ્રોફ (B) શ્રીમતી મૃદુલા શર્મા
(C) શ્રીમતી મૃદુલા સિંહા (D) શ્રીમતી મૃદુલા જોશી — (C)

7. ગોવા વિધાનસભામાં કુલ સભ્ય સંખ્યા કેટલી છે ?
(A) 36 (B) 38 (C) 40 (D) 42 — (C)

8. તાજેતરમાં 'ઈદાઈ' નામના ચક્રવાતી તોફાનથી કયા દેશમાં ભારે નુકશાન થયું હતું ?
(A) મોઝાંબિક (B) યુગાન્ડા (C) મોંગોલિયા (D) ઝામ્બિયા — (A)

9. તાજેતરમાં મોઝાંબિકમાં આવેલા 'ઈદાઈ' નામના ચક્રવાતી તોફાન દરમિયાન સહાયતા માટે ભારતીય નૌસેનાના ત્રણ જહાજ સૌપ્રથમ પહોંચી ગયા હતા..... આ ત્રણ જહાજમાં નીચેનામાંથી કયા જહાજનો સમાવેશ થતો નથી ?
(A) સુજાતા (B) સારથી (C) શૌર્ય (D) શાર્દૂલ — (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.


**23 MARCH, 2019 SATURDAY**


## ➢ દિવસ મહિમા : 23 માર્ચ, શહીદ ભગતસિંહ પુણ્યતિથિ, વિશ્વ મોસમ વિજ્ઞાન દિન

### શહીદ ભગતસિંહ પુણ્યતિથિ

23 માર્ચ, 1931ના રોજ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના વીર ક્રાન્તિકારી શ્રી ભગતસિંહ, શ્રી સુખદેવ અને શ્રી રાજગુરૂને ‘લાહોર ષડયંત્ર કેસ’માં ફાંસી આપવામાં આવી હતી.

- આથી આ વીર શહીદોની યાદમાં ભારતમાં દર વર્ષે 23 માર્ચના રોજ આ શહીદોની પુણ્યતિથિ ઉજવાય છે.



## ➤ ફિચ દ્વારા ભારતના આર્થિક વિકાસ દરના અંદાજને ઘટાડાયો

જાણીતી રેટિંગ્સ એજન્સી ફિચ દ્વારા તાજેતરમાં માર્ચ 2019 દરમિયાન પ્રસિદ્ધ કરવામાં આવેલ 'ગ્લોબલ ઈકોનોમિક આઉટલુક' અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો આર્થિક વિકાસદર 6.8 ટકા રહેવાની સંભાવના છે.

- જોકે, આ અગાઉ ફિચ દ્વારા નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો વિકાસ દર 7 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો.
- આ અંદાજ ઘટાડીને હવે 6.8 ટકા કરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત વર્તમાન નાણાં વર્ષ 2018-19 માટે ફિચે ભારતનો આર્થિક વિકાસ દર 7.8 ટકાથી ઘટાડીને 7.2 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે.
- જ્યારે નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન ભારતનો વિકાસ દર 7.1 ટકા રહેવાનો ફિચનો અંદાજ છે.

**ભારતના વિકાસ દરનો ફિચનો અંદાજ**

| ક્રમ | નાણાકીય વર્ષ | વિકાસ દરનો નવો અંદાજ |
|---|---|---|
| 1 | 2018-19 | 7.2 ટકા |
| 2 | 2019-20 | 6.8 ટકા |
| 3 | 2020-21 | 7.1 ટકા |

## ➤ સ્પેશિયલ ઓલિમ્પિક 2019

તાજેતરમાં 14થી 21 માર્ચ, 2019 દરમિયાન યુનાઈટેડ આરબ અમિરાત (UAE)ના અબુધાબી ખાતે 15મી સ્પેશિયલ ઓલિમ્પિક સમર ગેમ્સ 2019 (Special Olympics World Summer Games 2019)નું આયોજન થયું હતું.

- જેમાં વિશ્વના 190 દેશોના 7500 ખેલાડીઓએ ભાગ લીધો હતો.
- આ ઓલિમ્પિકમાં 24 રમતો માટે સ્પર્ધા યોજાઈ હતી.
- જેમાં ભારતે 85 ગોલ્ડ, 154 સિલ્વર અને 129 બ્રોન્ઝ સહિત કુલ 368 મેડલ જીત્યા છે.
- આ ઓલિમ્પિકમાં ભારતે પાવરલિફ્ટીંગની રમતમાં સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.
- પાવરલિફ્ટીંગમાં ભારતને 20 ગોલ્ડ, 33 સિલ્વર અને 43 બ્રોન્ઝ સહિત કુલ 96 મેડલ મળ્યા હતા.
- જ્યારે પાવરલિફ્ટીંગ બાદ બીજા ક્રમે રોલર સ્કેટીંગમાં ભારતે 13 ગોલ્ડ, 20 સિલ્વર અને 16 બ્રોન્ઝ સાથે કુલ 49 મેડલ જીત્યા હતા.
- ત્યારબાદ ત્રીજા ક્રમે સાઈકિલંગમાં ભારતે 11 ગોલ્ડ, 14 સિલ્વર અને 20 બ્રોન્ઝ સહિત કુલ 45 મેડલ જીત્યા હતા.

**નોંધ :** (1) સ્પેશિયલ ઓલિમ્પિક 2019નો મોટો 'Meet the Determined' હતો.
(2) આ ઓલિમ્પિકમાં ભારતે નવમી વખત ભાગ લીધો હતો.

## સ્પેશિયલ ઓલિમ્પિક

સ્પેશિયલ ઓલિમ્પિકની મુખ્ય વિશેષતા એ છે કે તેમાં શારીરિક રીતે દિવ્યાંગ(વિકલાંગ) બાળકો અને પુખ્ત વયના લોકો જ નહિ પરંતુ **બૌદ્ધિક વિકલાંગ** બાળકો અને પુખ્ત વયના લોકો પણ ભાગ લઈ શકે છે.

- આ ઓલિમ્પિકનો પ્રારંભ 1968થી થયો હતો.
- તાજેતરમાં આ ઓલિમ્પિકના 50 વર્ષ પૂરા થયા છે.
- આ ઓલિમ્પિક **વિન્ટર** અને **સમર** એમ બે ભાગમાં **દર બે વર્ષે** યોજાય છે.
- આ ઓલિમ્પિક ગેમ્સ સૌપ્રથમ 1968માં **અમેરિકા**ના **શિકાગો**માં યોજાઈ હતી.

### સ્પેશિયલ ઓલિમ્પિકનું આયોજન

| વર્ષ | શહેર | દેશ | સમર/વિન્ટર |
|---|---|---|---|
| 2017 | ગ્રેઝ અને સ્ક્લેડમિંગ | ઓસ્ટ્રિયા | વિન્ટર |
| 2019 | અબુધાબી | UAE | સમર |
| 2021 | ઓરે અને ઓસ્તેર્સુંદ | સ્વીડન | વિન્ટર |
| 2023 | બર્લિન | જર્મની | સમર |

## ➤ ભારતના પ્રથમ લોકપાલ તરીકે શ્રી પિનાકી ચંદ્ર ઘોષની નિમણૂક

ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદ** દ્વારા તાજેતરમાં **ભારતના પ્રથમ લોકપાલ** તરીકે **શ્રી પી.સી. (પિનાકી ચંદ્ર) ઘોષ**ની નિમણૂક કરવામાં આવી છે.



- શ્રી પી.સી. ઘોષની ભારતના પ્રથમ લોકપાલ તરીકે 19 માર્ચ, 2019ના રોજ નિમણૂક કરવામાં આવી છે.
- અને ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે** 23 માર્ચ, 2019ના રોજ તેમને લોકપાલ પદના **શપથ** અપાવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### શ્રી પિનાકી ચંદ્ર ઘોષ

શ્રી પિનાકી ચંદ્ર ઘોષ 8 માર્ચ, 2013થી 27 મે, 2017 સુધી ભારતની **સુપ્રીમ કોર્ટ**ના **ન્યાયાધીશ** હતા.

- ત્યારબાદ જૂન 2017થી તેઓ ભારતમાં **'રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ'**ના સભ્ય હતા.
- અગાઉ શ્રી પીનાકી ચંદ્ર ઘોષ **કોલકાતા** હાઈકોર્ટના **ન્યાયાધીશ** રહી ચૂક્યા છે.
- અને તેમણે **આંધ્રપ્રદેશ** હાઈકોર્ટના **મુખ્ય ન્યાયાધીશ** તરીકે પણ સેવા આપી છે.
- તેમણે 30 નવેમ્બર, 1976ના રોજ **પશ્ચિમ બંગાળ બાર કાઉન્સિલ**માં **વકીલ** તરીકે નોંધણી કરાવી હતી.

**નોંધ :** (1) શ્રી પિનાકી ચંદ્ર ઘોષનો જન્મ **પશ્ચિમ બંગાળ**ના **કોલકાતા**માં થયો હતો.
(2) તેમના પિતા **શ્રી શંભુ ચંદ્ર ઘોષ કોલકાતા** હાઈકોર્ટમાં **મુખ્ય ન્યાયાધીશ** હતા.
(3) ઈ.સ. 1867માં કોલકાતામાં **સદર દિવાની અદાલત**ના પ્રથમ ભારતીય મુખ્ય ન્યાયાધીશ **શ્રી હરા ચંદ્ર ઘોષ** શ્રી પિનાકી ચંદ્ર ઘોષના પરિવારના સભ્ય હતા.

## લોકપાલ શું છે ?

ભારતમાં લોકપાલ એ ભ્રષ્ટાચાર વિરોધી એક **વૈધાનિક (કાયદાકીય)** સંસ્થા છે.

- ભારતમાં સરકારી અધિકારીઓ તથા વડાપ્રધાન સહિતના રાજનેતાઓ સામે થયેલી ભ્રષ્ટાચારની ફરિયાદો તેમજ ભ્રષ્ટાચારના કેસો અંગે તપાસ કરવા માટે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.

## લોકપાલનો ઉદ્દેશ

ભારતમાં લોકપાલનો મુખ્ય ઉદ્દેશ સરકારમાં ખાસ કરીને ઉચ્ચ સ્તરે ભ્રષ્ટાચાર અટકાવવાનો છે. અને ઉચ્ચ સ્થાને બિરાજમાન ભ્રષ્ટાચારી અધિકારી કે રાજનેતાને સજા અપાવવાનો છે.

## લોકપાલનું માળખું

ભારતમાં લોકપાલમાં **1 અધ્યક્ષ** અને વધુમાં વધુ કુલ **8 અન્ય સભ્યોની** નિમણૂક કરી શકાય છે.

- આ આઠ સભ્યોમાંથી ઓછામાં ઓછા **ચાર** સભ્યો **જ્યુડિશિયલ** (સુપ્રીમ કોર્ટના જજ અથવા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ) હોય છે.
- બાકીના ચાર નોન જ્યુડિશિયલ સભ્યો હોય છે.
- લોકપાલના કુલ સભ્યોમાંથી 1 અલ્પસંખ્યક, 1 ST, 1 SC, 1 OBC અને 1 મહિલા સભ્યનો સમાવેશ કરવામાં આવશે.

## લોકપાલના વર્તમાન સભ્યો

ભારતમાં લોકપાલના અધ્યક્ષ તરીકે શ્રી પિનાકી ચંદ્ર ઘોષની નિમણૂક કરવામાં આવી છે.

- આ ઉપરાંત લોકપાલના અન્ય 8 સભ્યો તરીકે નીચેના સભ્યોની નિમણૂક કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**લોકપાલના સભ્યો**

| ક્રમ | નામ | વિશેષતા |
|---|---|---|
| 1 | શ્રી પિનાકી ચંદ્ર ઘોષ | અધ્યક્ષ |
| 2 | જસ્ટિસ દિલીપ ભોંસલે | જ્યુડિશિયલ સભ્ય |
| 3 | જસ્ટિસ પી. કે. મોહંતી | જયડિશિયલ સભ્ય |
| 4 | જસ્ટિસ અભિલાષા કુમારી | જ્યુડિશિયલ સભ્ય |
| 5 | જસ્ટિસ એ.કે. ત્રિપાઠી | જ્યુડિશિયલ સભ્ય |
| 6 | શ્રી મહેન્દ્ર સિંહ | નોન જ્યુડિશિયલ સભ્ય |
| 7 | શ્રી ડી . કે. જૈન | નોન જ્યુડિશિયલ સભ્ય |
| 8 | સુશ્રી અર્ચના રામસુંદરમ | નોન જ્યુડિશિયલ સભ્ય |
| 9 | ડો. આઈ. પી. ગૌતમ | નોન જ્યુડિશિયલ સભ્ય |

**નોંધ :** (1) ડો આઈ.પી.ગૌતમ હાલ (23 માર્ચ, 2019ની સ્થિતિએ) અમદાવાદ મેટ્રો ટ્રેન પ્રોજેક્ટના વડા છે.
(2) જસ્ટિસ અભિલાષા કુમારી પણ ગુજરાતમાં ફરજ બજાવી ચૂક્યા છે.

## લોકપાલના અધ્યક્ષ બનવા માટેની લાયકાત

લોકપાલના અધ્યક્ષ બનવા માટેની લાયકાતમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(1) તેમની ઉંમર ઓછામાં ઓછી 45 વર્ષની હોવી જોઈએ.

(2) તેઓ સુપ્રીમ કોર્ટના વર્તમાન અથવા પૂર્વ મુખ્ય ન્યાયાધીશ હોવા જોઈએ.

**અથવા**

(3) તેઓ સુપ્રીમ કોર્ટના વર્તમાન અથવા તો પૂર્વ ન્યાયાધીશ હોવા જોઈએ.

**અથવા**

(4) તેઓ સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિ હોવા જોઈએ કે જેમણે સમાજ માટે કોઈ ઉત્કૃષ્ટ કાર્ય કર્યું હોય.

## લોકપાલનો કાર્યકાળ

લોકપાલના અધ્યક્ષ તથા તેમના સભ્યોનો કાર્યકાળ 5 વર્ષ અથવા તો 70 વર્ષની ઉંમર એ બંનેમાંથી પહેલા જે પૂરું થાય તે હોય છે.

## લોકપાલનો પગાર

**લોકપાલના અધ્યક્ષ**નો પગાર ભારતની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશના પગાર જેટલો જ એટલે કે રૂ. 2, 80, 000 હોય છે.

- જ્યારે લોકપાલના અન્ય સભ્યોનો પગાર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશના પગાર જેટલો જ એટલે કે રૂ. 2,50,000 હોય છે.

## લોકપાલની નિમણૂક

ભારતમાં લોકપાલની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

- આ માટે **એક સિલેક્શન કમિટી** રચવામાં આવે છે. આ સિલેક્શન કમિટીની ભલામણને આધારે રાષ્ટ્રપતિ દ્વારા લોકપાલની નિમણૂક કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## લોકપાલ સિલેક્શન કમિટીના સભ્યો

ભારતમાં લોકપાલની પસંદગી માટે સિલેક્શન કમિટીના સભ્યોમાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

1. ભારતના વડાપ્રધાન (અધ્યક્ષ)
2. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ
3. લોકસભાના વિરોધ પક્ષના નેતા
4. લોકસભાના અધ્યક્ષ
5. એક કાયદાશાસ્ત્રી

**નોંધ :** (1) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયધીશ જો આ કમિટીના સભ્ય બનવા ન માંગતા હોય તો તેઓ સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશને તેના સભ્ય બનાવી શકે છે.

(2) આ કમિટીના સભ્ય તરીકે કાયદાશાસ્ત્રીની નિમણૂક અન્ય ચાર સભ્યોની ભલામણથી રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

## સર્ચ કમિટી

ભારતમાં લોકપાલની નિમણૂક માટે **8 સભ્યો**ની એક **સર્ચ કમિટી**ની પણ રચના કરવામાં આવે છે.

- આ સમિતિ દ્વારા ભારતમાં લોકપાલના પદ માટે કેટલાક નામોની ભલામણ કરવામાં આવે છે.
- આ નામોમાંથી **લોકપાલ સિલેક્શન કમિટી** દ્વારા ફાઈનલ નામની પસંદગી કરવામાં આવે છે.

**નોંધ :** તાજેતરમાં રચાયેલી લોકપાલની સર્ચ કમિટીના અધ્યક્ષ **શ્રી રંજન પ્રકાશ દેસાઈ** હતા.

## લોકપાલ દ્વારા તપાસ

ભારતમાં લોકપાલની તપાસ અંતર્ગત નીચેના હોદ્દાઓનો સમાવેશ થાય છે :

(1) વર્તમાન અને પૂર્વ વડાપ્રધાનો

(2) વર્તમાન અને પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રીઓ

(3) સંસદ સભ્યો

(4) કેન્દ્ર સરકાર અને જાહેર ક્ષેત્રના તમામ વર્ગના કર્મચારીઓ

(5) રૂ. 10 લાખથી વધુનું વિદેશી યોગદાન મેળવતી NGOના કર્મચારીઓ .... વગેરે

## ભારતમાં લોકપાલનો ઈતિહાસ

- ભારતમાં **ઈ.સ. 1963**માં **શ્રી લક્ષ્મીમલ સિંઘવી**એ સૌપ્રથમ **'લોકપાલ'** શબ્દ આપ્યો હતો.
- ભારતમાં **ઈ.સ. 1966**માં શ્રીમતી ઈન્દિરા ગાંધી સરકાર દ્વારા **શ્રી મોરારજી દેસાઈ**ની અધ્યક્ષતામાં રચાયેલા **વહીવટી સુધાર આયોગ** દ્વારા ભારતમાં લોકપાલ જેવી સંસ્થાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી.
- ભારતમાં **મે, 1968** દરમિયાન સૌપ્રથમ વખત લોકપાલ બિલ ભારતીય સંસદમાં રજૂ થયું હતું. પરંતુ તે પસાર થઈ શક્યું ન હતું.
- ભારતમાં છેલ્લે **'લોકપાલ અને લોકાયુક્ત બિલ, 2013'** **ડિસેમ્બર, 2013**માં ભારતીય સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું અને પસાર કરવામાં આવ્યું હતું.
- જેને **1 જાન્યુઆરી, 2014**ના રોજ રાષ્ટ્રપતિશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.
- અને **'લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ, 2013'** નામનો આ એક્ટ ભારતમાં **16 જાન્યુઆરી, 2014**થી અમલમાં આવ્યો છે.

**નોંધ :** વિશ્વમાં સૌપ્રથમ **1809**માં **સ્વીડન**માં **'ઓમ્બુડસમેન'** નામથી લોકપાલ જેવી સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS®

## ICE Questions

1. 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 20 માર્ચ (B) 21 માર્ચ (C) 22 માર્ચ (D) 23 માર્ચ — **(D)**

2. ભારતના વીર ક્રાંતિકારી શ્રી ભગતસિંહ, શ્રી સુખદેવ અને શ્રી રાજગુરૂને ફાંસી ક્યારે આપવામાં આવી હતી?
   (A) 23 માર્ચ, 1930 (B) 23 માર્ચ, 1931 (C) 23 માર્ચ, 1932 (D) 23 માર્ચ, 1933 — **(B)**

3. તાજેતરમાં માર્ચ 2019 દરમિયાન ફિચ દ્વારા જાહેર કરવામાં આવેલા 'ગ્લોબલ ઈકોનોમિક આઉટલૂક' અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો વિકાસ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ?
   (A) 6.8 (B) 7.0 (C) 7.1 (D) 7.2 — **(A)**

4. તાજેતરમાં માર્ચ 2019 દરમિયાન સ્પેશિયલ ઓલિમ્પિક વર્લ્ડ સમર ગેમ્સ 2019નું આયોજન કયાં થયું હતું?
(A) ગ્રેઝ અને સ્ક્લેડમિંગ, ઓસ્ટ્રિયા (B) અબુધાબી, યુનાઈટેડ આરબ અમિરાત (UAE)
(C) રિયાધ, સાઉદી અરેબિયા (D) બર્લિન, જર્મની
**(B)**

5. તાજેતરમાં યોજાયેલા સ્પેશિયલ ઓલિમ્પિક 2019માં ભારતને કુલ કેટલા ગોલ્ડ મેડલ મળ્યા છે ?
(A) 40 (B) 45 (C) 80 (D) 85
**(D)**

6. તાજેતરમાં યોજાયેલા સ્પેશિયલ ઓલિમ્પિક 2019માં ભારતને કુલ કેટલા મેડલ મળ્યા છે ?
(A) 360 (B) 368 (C) 370 (D) 378
**(B)**

7. તાજેતરમાં યોજાયેલ સ્પેશિયલ ઓલિમ્પિક 2019માં ભારતે સૌથી વધુ મેડલ કઈ રમતમાં જીત્યા છે?
(A) પાવરલિફિટંગ (B) રોલર સ્કેટિંગ (C) સાઈક્લિંગ (D) શૂટિંગ
**(A)**

8. 'સ્પેશિયલ ઓલિમ્પિક'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેનો પ્રારંભ 1968થી થયો હતો.
2. તે દર બે વર્ષે યોજાય છે.
3. વર્ષ 2019માં 15મા સમર સ્પેશિયલ ઓલિમ્પિકનું આયોજન થયું હતું.
4. વર્ષ 2019ના સ્પેશિયલ ઓલિમ્પિકનો મોટો 'Meet the Determined' હતો.
(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 2, 4
**(A)**

9. તાજેતરમાં ભારતના પ્રથમ લોકપાલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી પિનાકી ચંદ્ર ઘોષ (B) શ્રી ડી.સી. ઘોષ
(C) શ્રી પિનાકી ચંદ્ર બેનર્જી (D) ઉપરોક્ત એક પણ નહિ
**(A)**

10. ભારતના પ્રથમ લોકપાલ શ્રી પી.સી. ઘોષે નીચેનામાંથી કયા પદ પર સેવા આપી નથી ?
(A) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ (B) રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના સભ્ય
(C) કોલકાતા હાઈકોર્ટના ન્યાયાધીશ (D) આંધ્રપ્રદેશ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ
**(A)**

11. ભારતના પ્રથમ લોકપાલ શ્રી પી.સી. ઘોષનો જન્મ કયા રાજ્યમાં થયો હતો ?
(A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) પશ્ચિમ બંગાળ (D) ઓડિશા
**(C)**

12. ભારતના લોકપાલના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?
(A) તેમાં 1 અધ્યક્ષ અને વધુમાં વધુ અન્ય 8 સભ્ય હોય છે.
(B) તે એક સંવિધાનિક સંસ્થા છે.
(C) તેના અધ્યક્ષ અને સભ્યનો કાર્યકાળ 5 વર્ષ અથવા 70 વર્ષ તે બેમાંથી જે પહેલા પૂરું થાય તે હોય છે.
(D) તેના 8 સભ્યોમાંથી ઓછામાં ઓછા 4 સભ્યો જ્યુડિશિયલ હોય છે.
**(B)**

13. ભારતમાં લોકપાલની નિમણૂક માટેની સિલેક્શન કમિટીના સભ્યોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) વિરોધ પક્ષના નેતા (B) લોકસભા અધ્યક્ષ
(C) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ (D) ભારતના એટર્ની જનરલ
**(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

Cell : 93757 01110 / 93280 01110
Shree Sadguru Shopping Centre, 2nd Floor, Nr. Akshar Mandir, Opp. Tirupati Petrolpump, Kalawad Road, RAJKOT.
visit us : www.iceonline.in
e-mail :iceonline.in@gmail.com
facebook : www.facebook.com/icerajkot

# ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

If you Want to fly... We Provide wings.....

# ભારતીય રેલવેમાં વિશાળ ભરતી...
# રેલવે રીક્રુટમેન્ટ બોર્ડ (RRB)
44,500+ જગ્યા

- ❖ વેબસાઈટ : www.iceonline.in
- ❖ ઓનલાઈન અરજી કરવાની તારીખ : 01-03-2019 to 31-03-2019
- ❖ ઓનલાઈન ફી ભરવાની છેલ્લી તારીખ : 05-04-2019
- ❖ ઓફ લાઈન ફી ભરવાની છેલ્લી તારીખ (SBI / પોસ્ટ ઓફિસ ચલણ) : 05-04-2019
- ❖ ચલણ ભર્યા પછી ફાઈનલ અરજી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 12-04-2019
- ❖ પ્રથમ પરીક્ષા સંભવિત : જૂન થી સપ્ટેમ્બર 2019
- ❖ ધોરણ 12th પાસ માટે વયમર્યાદા : 18 to 30 Yr (02-04-1989 to 01-07-2001)
- ❖ ગ્રેજ્યુએટ માટે વયમર્યાદા : 18 to 33 Yr (02-07-1986 to 01-07-2001)
- ❖ વય મર્યાદામાં છૂટછાટ : OBC - 3 Years, SC / ST - 5 Years, PWD - 10 Years

**ધોરણ 12 પાસ/ગ્રેજ્યુએટ માટે રેલવેમાં સરકારી નોકરી મેળવવા માટેની સરળ અને ઉત્તમ તક**

## ધોરણ 12th પાસ માટેની જગ્યાઓ
1. જુનિયર કલાર્ક કમ ટાઈપીસ્ટ
2. અકાઉન્ટસ કલાર્ક કમ ટાઈપીસ્ટ
3. જુનિયર ટાઈમ કીપર
4. ટ્રેન કલાર્ક
5. કોમર્શિયલ કમ ટિકિટ કલાર્ક

**નોંધ :-**
**ધોરણ 12thમાં 50% ફરજિયાત**

## ગ્રેજ્યુએટ માટેની જગ્યાઓ
1. ટ્રાફિક આસિસ્ટન્ટ
2. ગુડ્સ ગાર્ડ
3. સિનિયર કોમર્શિયલ કમ ટિકિટ કલાર્ક
4. સિનિયર કલાર્ક કમ ટાઈપીસ્ટ
5. જુનિયર અકાઉન્ટ આસિસ્ટન્ટ કમ ટાઈપીસ્ટ
6. સિનિયર ટાઈમ કીપર
7. કોમર્શિયલ એપ્રેન્ટિસ
8. સ્ટેશન માસ્ટર

# ભારતીય રેલવેમાં વિશાળ ભરતી....

**RRB** નવી બેચ શરૂ **26-3-19 4 to 6 PM**

- સ્માર્ટ વર્ક અને સમજણ શકિતના સમન્વયથી અભ્યાસ
- ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી એડવાન્સ લેવલ મટીરિયલ્સ
- શરૂઆતથી છેક પરીક્ષાખંડ સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ
- EXAM CRACKING STRATEGY & WINNING POLICY

PAPER PRACTISE


દરેક સરકારી નોકરી અંગે નિયમિત માહિતી મેળવવા માટે **TYPE** કરો **JOIN ICE** અને **SEND** કરો **92200 92200**

**ભાગ-1 ટેસ્ટ-1 (સિલેબસ) આ પરીક્ષા ગુજરાતી માધ્યમમાં આપી શકાશે.**

| ક્રમ | પ્રશ્નપત્રનું નામ | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ | સમય |
|---|---|---|---|---|
| 1 | જનરલ અવેરનેસ | 40 | 40 | 90 મિનિટ |
| 2 | મેથેમેટિક્સ | 30 | 30 | |
| 3 | જનરલ ઈન્ટેલિજન્સ અને રિઝનિંગ | 30 | 30 | |
| | **Total** | **100** | **100** | |

- PWD વિદ્યાર્થીઓ માટે 120 મિનિટનો સમય મળશે.
- દરેક ખોટા પ્રશ્નો માટે 0.33 માર્ક્સ બાદ થશે.
- બીજા તબક્કાની પરીક્ષા માટે ભરતીની સંખ્યાના 20 ગણા વિદ્યાર્થીઓની પસંદગી થશે.


## રેલવેની તૈયારી માટે ICE દ્વારા પ્રકાશિત સિલેબલ મુજબ પરીક્ષાલક્ષી પુસ્તક



## ભાગ-2 ટેસ્ટ-2 (સિલેબસ)

| ક્રમ | પ્રશ્નપત્રનું નામ | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ | સમય |
|---|---|---|---|---|
| 1 | જનરલ અવેરનેસ | 50 | 50 | 90 મિનિટ |
| 2 | મેથેમેટિક્સ | 35 | 35 | |
| 3 | જનરલ ઈન્ટેલિજન્સ અને રિઝનિંગ | 35 | 35 | |
| | **Total** | **120** | **120** | |

- **PWD વિદ્યાર્થીઓ માટે 120 મિનિટનો સમય મળશે.**
- **દરેક ખોટા પ્રશ્નો માટે 0.33 માર્ક્સ બાદ થશે.**

## ભાગ-3 કોમ્પ્યૂટર બેઈઝ એપ્ટીટયૂડ ટેસ્ટ (CBAT)

- આ પરીક્ષા માત્ર **ટ્રાફિક આસિસ્ટન્ટ** અને **સ્ટેશન માસ્ટર** માટે રહેશે.
- આ પેપર માત્ર અંગ્રેજી અને હિન્દી ભાષામાં રહેશે.
- આ પરીક્ષા માટે કોઈ નેગેટીવ માર્ક્સ રહેશે નહિ.

## ભાગ-3 ટાઈપીંગ સ્કીલ ટેસ્ટ (TST)

- આ પરીક્ષા માત્ર **જુનિયર કલાર્ક કમ ટાઈપીસ્ટ**, **અકાઉન્ટસ કલાર્ક કમ ટાઈપીસ્ટ**, **જુનિયર ટાઈમ કીપર**, **સિનિયર કલાર્ક કમ ટાઈપીસ્ટ**, **જુનિયર અકાઉન્ટ આસિસ્ટન્ટ કમ ટાઈપીસ્ટ**, **સિનિયર ટાઈમ કીપર** માટે રહેશે.
- ભરતીની સંખ્યાના 8 (આઠ) ગણા વિદ્યાર્થીને બોલાવવામાં આવશે.
- દરેક વિદ્યાર્થી અંગ્રેજીમાં 30 શબ્દો એક મિનિટમાં અથવા હિન્દીમાં 25 શબ્દો એક મિનિટમાં ટાઈપ કરી શકવા જોઈએ. (કોઈ પણ પ્રકારના એડિટીંગ ટુલ્સ અને સ્પેલિંગ ચેકની સુવિધા વગર)

| ક્રમ | જગ્યાનું નામ | સ્ટાર્ટિંગ પગાર | પરીક્ષા પદ્ધતિ | | |
|---|---|---|---|---|---|
| | | | ભાગ-1 | ભાગ-2 | ભાગ-3 |
| 1. | જુનિયર કલાર્ક કમ ટાઈપીસ્ટ | 19,900/- | ટેસ્ટ-1 | ટેસ્ટ-2 | ટાઈપીંગ ટેસ્ટ |
| 2. | અકાઉન્ટ કલાર્ક કમ ટાઈપીસ્ટ | 19,900/- | ટેસ્ટ-1 | ટેસ્ટ-2 | ટાઈપીંગ ટેસ્ટ |
| 3. | જુનિયર ટાઈમ કીપર | 19,900/- | ટેસ્ટ-1 | ટેસ્ટ-2 | ટાઈપીંગ ટેસ્ટ |
| 4. | ટ્રેન કલાર્ક | 19,900/- | ટેસ્ટ-1 | ટેસ્ટ-2 | ----- |
| 5. | કોમર્શિયલ કમ ટિકિટ કલાર્ક | 21,700/- | ટેસ્ટ-1 | ટેસ્ટ-2 | ----- |
| 6. | ટ્રાફિક આસિસ્ટન્ટ | 25,500/- | ટેસ્ટ-1 | ટેસ્ટ-2 | કમ્પ્યૂટર બેઈઝ એપ્ટીટયુડ ટેસ્ટ |
| 7. | ગુડસ ગાર્ડ | 29,200/- | ટેસ્ટ-1 | ટેસ્ટ-2 | ----- |
| 8. | સિનિયર કોમર્શિયલ કમ ટિકિટ કલાર્ક | 29,200/- | ટેસ્ટ-1 | ટેસ્ટ-2 | ----- |
| 9. | સિનિયર કલાર્ક કમ ટાઈપીસ્ટ | 29,200/- | ટેસ્ટ-1 | ટેસ્ટ-2 | ટાઈપીંગ ટેસ્ટ |
| 10. | જુનિયર અકાઉન્ટ આસિસ્ટન્ટ કમ ટાઈપીસ્ટ | 29,200/- | ટેસ્ટ-1 | ટેસ્ટ-2 | ટાઈપીંગ ટેસ્ટ |
| 11. | સિનિયર ટાઈમ કિપર | 29,200/- | ટેસ્ટ-1 | ટેસ્ટ-2 | ટાઈપીંગ ટેસ્ટ |
| 12. | કોમર્શિયલ એપ્રેન્ટીસ | 35,400/- | ટેસ્ટ-1 | ટેસ્ટ-2 | ----- |
| 13. | સ્ટેશન માસ્ટર | 35,400/- | ટેસ્ટ-1 | ટેસ્ટ-2 | કમ્પ્યૂટર બેઈઝ એપ્ટીટયુડ ટેસ્ટ |

**નોંધ :** (1) ટેસ્ટ-1 દરેક જગ્યા માટે કોમન રહેશે અને સિલેબસ પણ એક જ રહેશે.
(2) જ્યારે ટેસ્ટ-2માં સિલેબસ એક જ રહેશે પરંતુ જે–તે પોસ્ટ પ્રમાણે લેવલ અલગ અલગ રહેશે.

# મેડીકલ ટેસ્ટ માટેની અમૂક અગત્યની નોંધ

- જો કોઈ વિદ્યાર્થી ચશ્મા ધરાવતી હશે તે વિદ્યાર્થી મેડિકલ સ્ટાન્ડર્ડ A-3 / B-2 / C-2 માં આવતી પોસ્ટમાં જ અરજી કરી શકશે.
- જે વિદ્યાર્થીએ આંખમાં લેઝર ટ્રીટમેન્ટથી નંબર ઉતરાવેલા હશે તે વિદ્યાર્થી મેડિકલ સ્ટાન્ડર્ડ C-2ની પોસ્ટમાં જ અરજી કરી શકશે.

| ક્રમ | જગ્યાનું નામ | મેડીકલ | સામાન્ય ક્ષમતા | આંખોની જોવાની ક્ષમતા |
|---|---|---|---|---|
| 1 | ટ્રાફિક આસિસ્ટન્ટ | A-2 | શારીરિક રીતે બધી બાબતોમાં ફીટ | ● દૂર જોવાની ક્ષમતા 6/9, 6/9 ચશ્મા વગર<br>● નજીક જોવાની ક્ષમતા 0.6, 0.6 ચશ્મા વગર<br>● કલર વિઝન, બાયનોક્યુલરવિઝન, નાઈટ વિઝન અને માયિઓપિક વિઝનની પરીક્ષા પાસ કરવાની રહેશે. |
| 2 | ગુડ્સ ગાર્ડ | | | |
| 3 | સ્ટેશન માસ્ટર | | | |
| 4 | ટ્રેન કલાર્ક | A-3 | શારીરિક રીતે બધી બાબતોમાં ફીટ | ● દૂર જોવાની ક્ષમતા 6/9, 6/9 ચશ્મા સાથે અથવા ચશ્મા વગર (ચશ્માના પાવર 2D કરતા વધારે ન હોવા જોઈએ.)<br>● નજીક જોવાની ક્ષમતા 0.6, 0.6 ચશ્મા વગર<br>● કલર વિઝન, બાયનોક્યુલરવિઝન, નાઈટ વિઝન અને માયિઓપિક વિઝનની પરીક્ષા પાસ કરવાની રહેશે. |
| 5 | કોમર્શિયલ કમ ટિકિટ કલાર્ક | B-2 | શારીરિક રીતે બધી બાબતોમાં ફીટ | ● દૂર જોવાની ક્ષમતા 6/9, 6/12 ચશ્મા સાથે અથવા ચશ્મા વગર (ચશ્માના પાવર 4D કરતા વધારે ન હોવા જોઈએ.)<br>● નજીક જોવાની ક્ષમતા-0.6, 0.6 ચશ્મા વગર<br>● બાયનોક્યુલરવિઝનની પરીક્ષા પાસ કરવાની રહેશે. |
| 6 | સિનિ. કોમર્શિયલ કમ ટિકિટ કલાર્ક | | | |
| 7 | કોમર્શિયલ એપ્રેન્ટિસ | | | |
| 8 | જુનિયર કલાર્ક કમ ટાઈપીસ્ટ | C-2 | શારીરિક રીતે બધી બાબતોમાં ફીટ | ● દૂર જોવાની ક્ષમતા 6/12, NIL. ચશ્મા સાથે અથવા ચશ્મા વગર<br>● નજીક જોવાની ક્ષમતા 0.6, 0.6 (બન્ને આંખની મળીને) ચશ્મા સાથે અથવા ચશ્મા વગર |
| 9 | અકાઉન્ટસ કલાર્ક કમ ટાઈપીસ્ટ | | | |
| 10 | જુનિયર ટાઈમ કીપર | | | |
| 11 | સિનિયર કલાર્ક કમ ટાઈપીસ્ટ | | | |
| 12 | જુનિયર અકાઉન્ટ આસિસ્ટન્ટ–કમ ટાઈપીસ્ટ | | | |
| 13 | સિનિયર ટાઈમ કીપર | | | |



## OUR ACHIEVEMENTS

| | | |
|---|---|---|
| CTO/AO | : | 22+ PASS |
| DY.SO DY. MAMLATDAR (GPSC) | : | 67+ PASS |
| GPSC CLASS 1/2 | : | 150+ PASS |
| PSI/ASI | : | 150+ PASS |
| HIGH COURT CLERK | : | 183+ PASS |
| TET/TAT/HTAT | : | 190+ PASS |
| BIN SACHIVALAYA | : | 433+ PASS |
| TALATI | : | 737+ PASS |
| CONSTABLE | : | 1154+ PASS |

If you want to fly,
we provide wings...

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા
માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન
મટીરિયલ્સની માહિતી માટે
icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી
મેળવવા માટે અમારી
નવી AUTHENTIC
TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.